શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૨
અંક : ૪

## પાણી તળેનું જીવન

૧૪. સાતત્યપૂર્ણ વિકાસ માટે મહાસાગરો, સમુદ્રો અને સમુદ્રી સંસાધનોનું સંવર્ધન અને તેનો સાતત્યપૂર્ણ વિકાસ

૧૪.૧ સમુદ્રમાં કાટમાળ અને પોષકતત્વો આધારિત પ્રદૂષણ સહિત, જમીન આધારિત પ્રવૃતિઓથી થતા પ્રદૂષણ તેમજ તમામ પ્રકારના દરિયાઈ પ્રદૂષણોને અટકાવવા તેમજ તેમાં નોંધપાત્ર ઘટાડો કરવો.

૧૪.૨ સમુદ્રી તથા દરિયાઈ જીવસૃષ્ટિને સુદઢ બનાવવા અને તંદુરસ્ત તેમજ ઉત્પાદકીય મહાસાગરોની પ્રાપ્તિ માટે તેમના પ્રસ્થાપન માટેનાં પગલાં ભરવા સહિત નોંધપાત્ર વિપરીત અસરોને ટાળવા તેનું સાતત્યપૂર્ણ રીતે સંચાલન કરવું અને રક્ષણ પૂરૂ પાડવું.

૧૪.૩ મહાસાગરોમાં એસિડની અસરોને લઘુતમ બનાવવા, તમામ સ્તરે વૈજ્ઞાનિક સહકાર આપવો.

૧૪.૪ વધુ પડતી માછીમારીનો અંત લાવવો તેમજ સમુદ્રી ઉપયોગનું નિયમન કરવું, ગેરકાનૂની, વણનોંધાયેલી અને અનિયંત્રિત માછીમારી તેમજ ઘાતક માછીમારી પ્રક્રિયાઓનો અંત લાવવો તેમજ વિજ્ઞાન–આધારીત મેનેજમેન્ટ યોજનાઓનો અમલ કરીને શકય હોય તેટલા ટૂંકા ગાળામાં માછલીઓના જથ્થાને ઓછામાં ઓછા એ સ્તરે પ્રસ્થાપિત કરવો કે જયાંથી તેમની જૈવિક લાક્ષણિકતાઓ દ્વારા નિર્ધારિત કરાયેલી લઘુતમ સાતત્યપૂર્ણ ઉપજ ઉત્પન્ન કરી શકાય.

૧૪.૫ સુધીમાં સમુદ્રી તેમજ કાંઠાળ વિસ્તારોના ઓછામાં ઓછા ૧૦ ટકા ભાગને એ રીતે સંવર્ધિત કરવો કે જે રાષ્ટ્રીય કાયદાને અનુરૂપ હોય અને શ્રેષ્ઠ ઉપલબ્ધ વૈજ્ઞાનિક માહિતી પર આધારિત હોય.

૧૪.૬ ચોક્કસ પ્રકારની માછીમારીની સબસિડીઓ પર પ્રતિબંધ મૂકવો કે જે વધુપડતું ભારણ અને વધુ પડતી માછીમારી માટે કારણભૂત છે, ગેરકાયદે, વણનોંધાયેલી અને અનિયંત્રિત માછીમારી માટે જવાબદાર સબસિડીઓને નાબૂદ કરવી અને આવી સબસિડીઓને લાગુ કરવાનું ટાળવુ, એ સ્વીકારવું કે વિકાસશીલ તેમજ અલ્પવિકસિત રાષ્ટ્રો માટે યોગ્ય અને અસરકારક વિશેષ તથા અલગ પ્રકારનો વ્યવહાર વિશ્વ વ્યાપાર સંગઠન માછીમારી સબસિડી વાટાઘાટોનું

અભિન્ન અંગ હોવું જોઈએ.

૧૪.૭ વર્ષ ૨030 સુધીમાં માછીમારી, મત્સ્યોધોગ અને પર્યટનના સાતત્યપૂર્ણ સંચાલન સહિત સમુદ્રી સંસાધનોના સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા આર્થિક લાભોને વધારીને નાના ટાપુના વિકાસશીલ રાજયો અને અલ્પવિકસિત રાષ્ટ્રો સુધી પહોંચાડવા.

૧૪ (એ). મહાસાગરના આરોગ્યને સુધારવા અને ખાસ કરીને નાના ટાપુના વિકાસશીલ રાજયો અને અલ્પવિકસિત રાષ્ટ્રો તેમજ વિકાસશીલ દેશોના વિકાસમાં સમુદ્રી જીવવૈવિધ્યના યોગદાનને વિસ્તારવા માટે દરિયાઈ ટેકનોલોજીનાં હસ્તાંતરણ અંગેની ઈન્ટરગવર્મેન્ટ ઓસનોગ્રાફિક કમિશન ક્રાઈટેરિયા એન્ડ ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક જ્ઞાનને વધારવું, સંશોધન ક્ષમતા વિકસાવવી અને સમુદ્રી ટેકનોલોજીનું હસ્તાંતરણ કરવું.

૧૪ (બી). સમુદ્રી સંસાધનો અને બજારો સુધી નાના-પાયાના બિનકુશળ માછીમારોને પહોંચ પૂરી પાડવી.

૧૪ (સી). યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ઓન ધ લો ઓફ ધ સી માં પરાવર્તિત થયા અનુસાર આંતરરાષ્ટ્રીય કાયદાના અમલીકરણ દ્વારા સમુદ્રો અને તેના સંસાધનોના સાતત્યપૂર્ણ ઉપયોગ અને સંવર્ધનને વિસ્તારવું, જે ધ ફ્યુચર વી વોન્ટ ના ફકરા ૧૫૮માં દર્શાવાયું છે તે રીતે સમુદ્રો અને તેના સુસાધનોના સાતત્યપૂર્ણ ઉપયોગ અને સંવર્ધન માટેનું કાનૂની માળખું પૂરૂ પાડે છે.

–(સાતત્યપુર્ણ વિકાસના ધ્યેય)

## તાલીમો

વર્ષ ૨૦૧૯–૨૦ના અંતે કોરોનાને લઈ સંસ્થાકીય કામકાજોમાં ખુબજ મુશ્કેલી અનુભવાઈ, મોટાભાગની પ્રવૃતિઓ પુર્ણ થઈ હતી પરંતુ પાણી સંગ્રહના કામોના માપો લેવાના બાકી રહી જવા પામ્યા હતા. વર્ષ ૨૦૨૦–૨૧ના આયોજનો મોટાભાગના ફોન અને ઈમેલ થકી કરવાનો પ્રયાસ કર્યો તેની સાથે સાથે નવી સીઝન માટે તાલીમ કરવાની બાબતો મુશ્કેલ જણાતી હતી પણ ધીરે ધીરે ઝુમ કે ગુગલ મીટનો સહારો લઈ સ્ટાફની અઠવાડીક મીટીંગો શરુ થઈ અને કોટન કનેકટ દ્વારા તાલીમો પણ સરસ રીતે પુર્ણ થઈ શકી.

હવે મુશ્કેલી ખેડૂતોને તાલીમ આપવાની દેખાઈ રહી છે. ફોન દ્વારા કે સોશ્યલ મીડીયાના માધ્યમથી તે અંગેની શરુઆત કરી છે. ફીલ્ડ ફેસીલેટેટર પોતે ઝુમ કે ગુગલ મીટનો ઉપયોગ કરી શકવાના કારણે તેઓ તાલીમ મેળવી શકયા પણ તેનો ઉપયોગ ખેડૂતોમાં કરી શકવા માટે મુશ્કેલી અનુભવી રહયા છે. પરંતુ આ માધ્યમથી જેટલા પણ ખેડૂતોને આવરી લેવાય તેવો પ્રયાસ કરી રહયા છે.

**તમે કોઈ પણ જોખમ નહીં ઉઠાવો તો બધું જ જોખમી બની જશે.**

## વનસ્પતિ દવા બનાવવાની રીત અને જીવાત નિયંત્રણ

ખેતી પાકોમાં જીવાત નિયંત્રણ મોટાભાગે ખેડૂતો માત્ર જંતુનાશક દવાઓ ઉપર જ આધાર રાખતા હોય છે. આજે આડેધડ અને બિનજરૂરી દવાઓનો છંટકાવને લીધે પર્યાવરણ પર માઠી અસર જોવા મળે છે. જ્યારે જીવાત ઓછા પ્રમાણમાં અને ક્ષમ્ય માત્રા કરતા ઓછી હોય તો રાસાયણિક જંતુનાશક દવાઓનો ઉપયોગ ન કરતાં તેની જગ્યાએ વનસ્પતિક દવાઓનો ઉપયોગ કરવાથી દવાઓની આડઅસરમાંથી આપણે બચી શકીએ છીએ કેટલીક જીવાત તેની ખાસ પ્રકારની વર્તુણક અનેક ખાસિયતને કારણે ઘણીવાર ભારે રાસાયણિક દવાઓથી પણ કાબુમાં આવી શકતી નથી તેવા સંજોગોમાં હાથ બનાવટની કેટલીક વિષ પ્રલોભીકા ઘણી કારગત નીવડે છે કેટલીક જાતે જ બનાવી શકાય તેવી દવાઓના બનાવટની વિગત:

લીંબોળીના મીંજનો ૫% નો અર્ક બનાવવાની રીત:

૧. ઉનાળામાં લીમડાના ઝાડ પરથી ખરી પડે લીંબોળી ભેગી કરી એક મોટા ડ્રમમાં પાણીમાં ૨ થી ૩ દિવસ પલાળી ખુલ્લી જગ્યામાં આ લીંબોળીઓ પાથરી તેને કાથીના ડૂચાની મદદથી ઘસી ઉપરના છોડા દૂર કરી લીંબોળીના બી ભેગા કરી ને છાયડામાં ત્રણ ચાર દિવસ સૂકવી બીજને કંતાનના કોથળામાં સંગ્રહી રાખવા.

૨. ૧૦૦ લીટરનું પ્રવાહી મિશ્રણ બનાવવું હોય તો આવા ૫ કિલોની મીંજની જરૂર પડે મીંજનો બારીક ભૂકો બનાવવો મીજના ભૂકાના એક એક કિલોના પાંચ ભાગ પાડી દરેક ભાગને મલમલના કાપડની પોટલીમાં બાંધી ૨ થી ૩ કલાક સુધી ૫ લિટર પાણી ભરેલી ડોલમાં પલાળી.

૩. આ પોટલીને ઓછામાં ઓછી ૬ વાર હાથથી મશળવાથી મીંજનો કસ પાણીમાં આવી જશે અને દ્રાવણ દુધિયા રંગનું બનશે.

૪. આ દ્રાવણમાં બીજું વધારાનું પાણી ઉમેરી કુલ ૨૦ લીટરનો જથ્થો બનાવો ત્યારબાદ આ દ્રાવણમાં ૨૦ ગ્રામ સાબુની ભૂકી કે કોઈપણ કપડા ધોવાનો ડિટર્જન્ટ પાવડર ઉમેરો આ રીતે ૫ કિલો મીંજમાંથી ૧૦૦ લીટર પ્રવાહી કસ તૈયાર થશે જે ઉપર છાંટી શકાય.

સાવચેતી : દ્રાવણ તૈયાર કરતી વખતે અને કર્યા બાદ કદી પણ ઉકાળવું નહીં હંમેશા તાજા દ્રાવણનો આગ્રહ રાખવો સામાન્ય રીતે એક હેકટરના વિસ્તારના છંટકાવ માટે ૩૦૦ થી ૪૦૦ લીટર પાણીની જરૂર પડતી હોય છે.

કઈ જીવાંત સામે ઉપયોગ કરી શકાય

બધા જ પ્રકારની પાન ખાનારી ઈયળો અને ચુસીયા પ્રકારની જીવાતો જેવી કે મોલોમશી, તડતડીયા, સફેદ માખી, થ્રીપ્સ, પાન કથીરી વગેરે માટે આ મિશ્રણનો છંટકાવ કરી શકાય.

– નરેન્દ્ર પોકીયા

**પોતાના મનના મજબૂત ટેકા વગર બીજા બધા ટેકા નકામા.**

## વૈશ્વિક મહામારી કોરોનાને લઈ આગમચેતીના પગલા

ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં કોરોનાનો કેસની ગતિ વધી રહી છે. ત્યારે સંસ્થાના દરેક કાર્યકર આ વૈશ્વિક બીમારી માટે એક સેવાકીય ભાગ રૂપે ગ્રામ્ય લેવલે લોકોને મદદરૂપ બને તે હેતુથી અમરેલી, બાબરા, ખાંભા, જાફરાબાદ, રાજુલા, ગીરગઢડા અને ઉના તાલુકાના વિસ્તારમાં ખેડૂતો તથા ખેત મજૂરોને ફોન દ્વારા સતત માહીતી આપી રહયા છે. સોશ્યલ મીડીયાના માધ્યમથી પણ માહીતી મોકલી રહયા છે. અન્ય જગ્યાએથી લોકો પોતાના ગામ પરત આવી રહયા છે. સામાજીક કાર્યકરો આગંણવાડીના બહેનો કે આશા માહિતી એકઠી કરી રહયા છે. ગ્રામ્ય કક્ષાએ ગ્રામ રક્ષક દળના જવાનો પણ ફરજ બજાવી રહયા છે. આ તમામ લોકોની સલામતી જળવાઈ રહે તેવા હેતુથી નાની કીટના ભાગરૂપે સેનીટાઈજર અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં કોટન કનેકટ, સંસ્થાના પોતાના ભંડોળ તથા ખેડૂતો/કાર્યકરોએ પણ પોતાનુ યોગદાન આપ્યુ હતુ. ખેત મજૂરો તથા વંચિત સમુહના લોકોને હાથ ધોવા માટે સાબુ વાપરતા થાય અને તેની ટેવ પડે એ હેતુથી લોકો સાથે જોડાઈને સાબુનું વિતરણ કરવામાં આવ્યું. સંસ્થાની સમગ્ર ટીમની તાલીમો થઈ જેના દ્વારા લોકો સુધી માહિતીનું આદાન–પ્રદાન કરવાનું કામ કરી રહયા છીએ. ડબલ્યુએચઓના નીચે મુજબના પાંચ સુત્રોને ઘ્યાનમાં



**ઉપદેશ આપવો સહેલો છે, ઉપાય બતાવવો અઘરો છે.**

રાખી લોકો સુધી ભાર પૂર્વક માહિતી આપવામાં આવી છે.

૧. ઘરે રહો સુરક્ષિત રહો, ૨.જરૂરી સામાજીક અંતર જાળવી રાખો, ૩. વારંવાર હાથ ધોવો. ૪. આંખ નાક અને મો ને ઢાંકેલું રાખો. ૫. તાવ કે શરદી જણાતા તરતજ નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરવી.

લોક ડાઉન થયા પછી અમારા કાર્ય વિસ્તારમાં ખેડૂતોની રવિ પાકની સીઝન શરૂ હતી જેથી ખેતી કાર્ય કરવુ પડે તેમ હતુ અને પશુપાલનનો ધંધો કરનાર ખેડૂત પણ પોતાના પશુઓને ભૂખ્યા રાખી શકે નહી જેથી ફરજીયાત ચરાવવા જવુ પડે અને આ સમય દરમિયાન દૂધની અછત ના સર્જાય તે માટે ખેડૂતો દેશ માટે ઘણા ઉપયોગી થાય છે આ સાથે ખેતી સાથે સંકળાયેલા ખેત મજૂરો પોતાની વાડી પર રોકાવવાની વ્યવસ્થા કરી અને આશ્વાસન આપવામાં આવ્યું કે તમે અહિંયા સુરક્ષિત છો જેથી બહાર પોતાના વતનમાં જવાની જરૂર નથી એજ રીતે કાર્યકરોના સહયોગ દ્વારા અમુક વિસ્તારમાં રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું આજ રીતે સંસ્થાનાં કાર્યકરો જૂદી જૂદી પ્રવૃતિઓ દ્વારા લોકો જાગૃતિ સાથે ખેતી કાર્ય માટે ઉપયોગી માહિતી પણ આપવામાં આવી રહી છે.

બાળકોનો અભ્યાસ ન બગડે તે હેતુથી વાલીઓ અને બાળકોને સોશિયલ મીડીયાના માધ્યમથી જોડી અઠવાડીક આયોજન આપી ઘેરબેઠા અભ્યાસ ચાલુ રાખી શકે તેવી વ્યવસ્થા ગોઠવી છે.

સીએસપીસીના માર્ગદર્શન અનુસાર ૧૦ ગામોમાં પરત સ્થળાંતર સર્વેની કામગીરી કરવામાં આવી હતી.




**દયા વિનાની આંખ, સેવા વિનાના હાથ અને દાન વિનાનું દ્રવ્ય નકામું છે.**

## જાંબુ

આપણાં વિસ્તારમાં સામાન્ય રીતે જાંબુના ઝાડ દરેક જગ્યાએ જોવા મળે છે. ભારતમાં તમામ પ્રદેશોમાં ૪૦૦૦ ફૂટની ઉંચાઈ સુધી થાય છે. તે ૧ થી ૨ ઈંચ લાંબા થાય છે. જાંબુનાં વૃક્ષ પર એપ્રિલ–જૂનમાં ફૂલ આવે છે. જૂન જુલાઈમાં ફળ જોવા મળે છે. ચોમાસાની સીઝનમાં જાંબુ જોવા મળતા હોય છે. જાંબુને જાંબુડા તથા રાવણા પણ કહેવામાં આવે છે. તેમાં ઘણો બધો ફાલ આવે છે કે, ઘણીવાર તેનાં ભારને લીધે એની ડાળીઓ અચાનક તૂટી પડે છે. જયારે ચોમાસાની સિઝનમાં ફાલ આવે ત્યારે તેની નીચે બેસવું પણ ખૂબ જ અઘરું થાય છે. ખેતર, વાડી કે ઘરે તેને ઉછેરવામાં આવે છે જયારે જંગલમાં તે આપોઆપ ઉગે છે. તેના ફળ આ જાંબુ નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ કોઈને ભાવે છે. જાંબુડા ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે.

ડાયાબિટિશના દર્દીઓ માટે જાંબુની છાલ અને ઠળિયા ખૂબ જ ફાયદાકારક છે.

ઠળિયાનું ચૂર્ણ તથા તેની છાલનો ઉકાળો મરડામાં તથા ઉલટીમાં ઉપયોગી છે.

ઠળિયામાંથી જામ્બોલીન નામનું તત્વ મળી આવે છે જે સ્ટાર્ચને શર્કરામાં બદલતા રોકે છે.

જંગલમાં વ્યાપક પ્રમાણમાં થતાં ફળોના વૃક્ષોમાં જાંબુ એક મહત્વનું વૃક્ષ છે.

વીછીના ડંખ પર જાંબુડીનાં પાનનો રસ ચોપડવાથી ફાયદો થાય છે.

જાંબુમાં રહેલા એસિડ દ્રવ્યો પથરીને ઓગાળવાનો ગુણ ધરાવે છે.

ઠળિયાનું ચૂર્ણ નસ્કોરી ફૂટી, નાકમાંથી લોહી નીકળે ત્યારે તે ઘણું ઉપયોગી છે.

સામાન્ય રીતે જમ્યા પછી ત્રણ ચાર કલાક બાદ જાંબુ ખાવા જોઈએ.

જાંબુ સાથે નમક, કાળામરી, સૂંઠ અને અજમો મિશ્ર કરી ખાવાથી લાભ થાય છે.

આમ, જાંબુ આપણા આરોગ્ય માટે ખુબજ ઉપયોગી થાય છે.

(સંકલન – હિરલ ડોડીયા)

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ માટે વેબસાઈડ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

**જે કુટુંબ સાથે મળીને પ્રાર્થના કરે છે તે સાથે મળીને રહી શકે છે.**

## વિસરાયેલી રમતો

### હિંમત– ગમ્મત

હિંમત–ગમ્મત એ એક પ્રકારની રમત છે જેને જુથમાં રમી શકાય. આ રમત જેન્ડર ભેદભાવ વગર સાથે રમી શકાય છે. જેથી બાળકોમાં જેન્ડર સમાનતાના મુલ્યો પણ વિકસે છે.

રમતમાં સૌ પ્રથમ બાળકો દાવ દેનાર નક્કી કરે છે. ત્યારબાદ બધા બાળકો એક ગોળાકારમાં ઉભા રહે છે અને દાવ દેનાર વ્યકિત વચ્ચે ઉભો રહે છે. ત્યારબાદ દાવ દેનાર વ્યકિત પોતાની આંખ બંધ કરી ગોળાકારમાં ફરે છે.

આમ, ફરતા ફરતા ગોળાકારમાં રહેલ કોઈ એક બાળકને પકડવાનો પ્રયત્ન કરે છે. જયારે કોઈ એક બાળકને દાવ દેનાર બાળકને અડે ત્યારે આંખો ખોલી નાખે અને જે બાળકને અડયા હોય ત્યાંથી આ પ્રમાણે નામ લેતા ગણતરી કરશે.

હિંમત, ગમ્મત, ગૌતમ, ગાલા, તેરે, મેરે, ચૌદ ચોરાશી, તેલમાં તળી.

અને છેલ્લે બે બાળકોમાં તમે બે ભળી બોલે જેના ઉપર તમે બે ભળી આ શબ્દ આવે તે ઝડપથી એકબીજાના હાથ પકડી લે અને ગોળાકાર તુટી જાય અને અન્ય બાળકો ગોળાકાર છોડી ભાગે આ જોડી વાળા બાળકો જોડીમાં રહી બીજાને પકડે.

આમ, દાવદેનાર બીજા બાળકોને અડીને એક ચેઈન બનાવે અને બીજા બાળકોને આઉટ કરી ઉમેરતા જાય. દાવ લેનાર વ્યકિતઓ આ ચેઈન તોડવા પ્રયત્ન કરે અને એક કે બે સાથીને ઘેરી લે. સામા પક્ષે ચેઈન બનાવનાર તેમના સાથીને છોડાવવા પ્રયત્ન કરે.

આ રમત બધાની ચેઈન બનતા ફરી નવેસરથી શરૂ થાય.

મે પણ આ રમત બાળપણમાં શાળા સમયબાદ ગામના પાદરમાં ખૂબ રમેલ છે. બાળકોમાં આ રમતથી ખેલદીલી, સંપ, એકતા, શરીરની નિરોગીતા અને સાંજ સુધીનું મનોરંજન મળી રહે છે.

### ટાયર દાવ

આ રમત પણ શરીરનું સૌષ્ઠવ વધારે છે. નાના હતા ત્યારે સાયકલ કે સ્કુટરના નિકળી ગયેલા ટાયરને લઈ રમાતી રમત ખરેખર લકઝરીયસ રમત છે. સાંજ પેલા શાળા સમયબાદ બાળકો પોત પોતાના ઘેરથી આ પ્રકારે ટાયર લઈ નીકળી પડે. એમાય જેની પાસે સ્કુટરનું ટાયર હોય તે તો વીવીઆઈપી કહેવાય. બધા બાળકો ટાયર લઈ ખુલ્લી બજારમાં આવી જાય અમુક ચોકકસ અંતર સુધીની હરીફાઈ થાય. જેમાં બાળક હાથથી કે લાકડાના નાના ડંડાથી ટાયરને ચલાવે અને વિજયરેખા સુધી પહોંચે. જે પ્રથમ પહોંચે તે વિજેતા.

આ રમત રમવામાં બાળકો એટલા તલ્લીન થઈ જતા કે વાળુ ટાણે મા બાપ બાળકને ગોતવા આવે અને કાન પકડી ઘેર લઈ જાય.

— ભરત વાળા

**ઝડપથી પહોંચવા કરતાં તમે કયાં જઈ રહયા છો તે જાણવું વધારે મહત્વનું છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Chaku Sankhat | 08.05.2001 |
| Jasu Kadotra | 12.05.1995 |
| Krunal Nasit | 26.05.1993 |
| Pankaj Parmar | 28.05.1995 |
| Priti Bambhaniya | 28.05.1996 |

## In this month

3 Meeting of the staff of the organization through video conference. This is how the weekly meeting of the project team was decided.

4. Prepaird city action Plan 2020-21 Urban Model by childline.

16-17 Training of Trainers for BCI PUs.

23-30 BCI India Cocktail Eradication Project - Workplan & Baseline Survey

23-30 Reverse migration survey

24 Training on increasing uptake of better cotton and enhancing transparency in the Supply Chain & Water Stewardship.

25 Workshop on CHILDLINE Strategies Post COVID-19 Lock Down.

28 Refresher Training.

15&20 Doctors' sessions on we have initiated many interventions as part of our response to the Covid-19 pandemic and as part of the Community Support Plan.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

આળસી માણસનું વર્તમાન અને ભવિષ્ય હોતું નથી.